**Appendix - XVI**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા

વાર્ષિક પરીક્ષા - ૧૯૯૬

વિષય - ગુજરાતી

ધોરણ : ૭ — તારીખ : ૧૭-૪-૧૯૯૬

બુધવાર — સમય : ૧૦.૩૦ થી ૧૨.૩૦

---

**પ્ર.૧ નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટી લખો.** **(૧૫)**

૧. ઉનાળાની બપોર
૨. જો હું વડાપ્રધાન હોઉં તો
૨. મારી પ્રિય રમત

પ્ર.૨ તમારી વર્ષગાંઠ ઉજવવાનું આમંત્રણ પાઠવતો મિત્રને પત્ર લખો. **(૧૦)**

**અથવા**

**નીચેના મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શિર્ષક આપો.**

ધોબી અને ધોબણનું નદી કિનારેધોવું — સાંજનો સમય — અંધારું ઘેરાવું — અચાનક ગોળીબાર — ધોબીનું મરણ — બીજે દિવસે ધોબણની ફરીયાદ — બાદશાહ પાસે ન્યાયની માંગણી — ગુનેગારની શોધ — બાદશાહનો ન્યાય — પરિણામ.

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ પાંચ)** **(૧૦)**

૧. શિવાજીને શાથી ક્રોધ ચઢયો ?
૨. આશ્રમમાં નવા દાખલ થનાર વિદ્યાર્થીને શું કામ સોંપાતું હતું ?
૩. શેરી છોડી કવિ ક્યાં જવા કહે છે ? શા માટે ?
૪. ઝાંપાનો વડ કોણે જોઈને દુઃખી થાય છે ?
૫. પી.ટી. ઉષાનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?
૬. પ્રભાસ પાટણ પાસે કઈ નદીઓનો સંગમ થાય છે ?
૭. ગોબર ગેસ પ્લાનથી શા લાભ થાય છે ?

**પ્ર.૪ (અ) નીચે આપેલા લેખક સાથે તેની યોગ્ય કૃતિ જોડો.** **(૫)**

| | | |
|---|---|---|
| ૧. | સ્વામી સચ્ચિદાનંદ | સાંઢ નાથ્યો |
| ૨. | ઝવેરચંદ મેઘાણી | આપણી કુટેવો |
| ૩. | મહાત્મા ગાંધીજી | ભમીએ ગુજરાતે દક્ષિણ ભણી |
| ૪. | ઈશ્વર પેટલીકર | સત્યના પ્રયોગો |
| ૫. | ચંદ્રવદન મહેતા | દીકરાનો મારનાર |
| | | કાલ-આજ |

પ્ર.૪ (બ) નીચેની કાવ્ય પંક્તિઓ પૂર્ણ કરો. (ગમે તે એક) (૫)

૧. રામ રાખે ત્યમ રહીએ ઓધવજી ....... તો કોઈ દિન ભોંય પર સુઈએ.

૨. મારે હૈયે વનવન તણાં ....... ઉરની પાંદડી ના વિલાપ.

પ્ર.૫ માંગ્યા પ્રમાણે લખો.

(અ) નીચેના શબ્દોના અર્થ આપો. (ગમે તે ત્રણ) (૩)

ગવતરી, નેત્ર, અવનિ, કાજળ, નાદ

(બ) નીચે આપેલા શબ્દોના વિરૂદ્ધ અર્થવાળા શબ્દો આપો. (ગમે તે ત્રણ) (૩)

લાભ, પ્રાચીન, સંધ્યા, સાક્ષર, તવંગર

(ક) નીચેના શબ્દો પરથી બનતી સંજ્ઞાઓ લખો. (ગમે તે ત્રણ) (૩)

ભલુ, સાધુ, દુષ્ટ, સાહુકાર, મૂર્ખ

(ડ) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાકયમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ) (૩)

૧. માથાનો દુઃખાવો બનવું. ૨. સડક થઈ જવું

૩. પેટે પાટા બાધવા ૪. ફાટી પડવવુ.

(ઈ) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે ત્રણ) (૩)

૧. એક સરખો ભાવ ૨. વનનો રહેવાસી

૩. યજ્ઞમાં હોમવા માટે લાકડાના ટૂકડા ૪. એક સાથે જન્મેલા.

---